॥ ॐ ॥

सन्ध्या

ગુજરાતી સરલાર્થ.

કાવ્યમાં મુકનાર,

તથા

છપાવી પ્રસિદ્ધ કરનાર

વ્રજલાલ અર્જુનલાલ નિર્મળ.

બાંટવા (કાઠીઆવાડ).

પ્રથમાવૃત્તિ ૧૦૦૦ નકલ.

દયાનંદાબ્દ	સંવત	ક્રિસ્તાબ્દ
૩૨	૧૯૭૧	૧૯૧૫.

કીંમત એક આનો.

રતિલાલ નરહરને શ્રીકૃષ્ણ પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યું.

નં. ૮ અનંતવાડી મુંબઈ.

॥ ॐ ॥

सन्ध्य

ગુજરાતી સરલાર્થ.

કાવ્યમાં મુકનાર,

તથા

છપાવી પ્રસિદ્ધ કરનાર.

વ્રજલાલ અર્જુનલાલ નિર્મળ.

બાંટવા (કાઠીઆવાડ).

પ્રથમાવૃત્તિ ૧૦૦૦ નકલ.

દયાનંદાબ્દ	સંવત	ક્રિસ્તાબ્દ
૩૨	૧૯૭૧	૧૯૧૫.

કીંમત એક આનો.

રતિલાલ હરજીવને શ્રીકૃષ્ણ પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યું.

નં. ૯ અનંતવાડી મુંબઈ.

॥ ૐ ॥

ઇશ્વર પાર્થના.

(પ્રભાતીઉં)

સેંકડો જાતની, કાર્ય શકિત થકી, યુકત તુ આતમા, ૐ છોરી ટેક,
વીણાતણાં સ્વરમાં, સ્વર મિલાવી દઇ, મિષ્ટ આલાપ, કરનાર જ્ઞાની.
આપ વીના બીજા, કોણનાં ગુણને, ગાન ગાનાર છે, સમજું હું રી,
સેંકડો.

મનરૂપી ભેટ લઇ, આવેલા પૂજકો, ચરણ પૂજા કરી, આપનીજે,
આપને વીનવે, અરપીં શકતી બધી, દ્રશન દીઓ હવે, પ્રસન થૈરી,
સેંકડો.

જેમ ઉંચ કુળની, ચારે બાજુ મળી, માનવી દિલમાં, શાન્તિ ધારે,
તેમ બ્રાહ્મણતણા, હ્રદયરૂપી ભ્રમર, આપ સુગન્ધમાં ડોલે છેરી.
સેંકડો,

ધન્ય સંસારના, સરજનહારને, ધન્ય રચના ગુણો ૐ ગાતી.
સૂતેલાં વૃક્ષની, ડાળીઓ પક્ષીએ, કયા ગીતો ગાઇને, છે જગાડી,
સેંકડો.

આ સદા વેહવાવાળી ગંગા જ તે, પથરની ટકકરે, શું ય બોલે,
ક્ષણ મહીં ભુલી જઉં, અજ્ઞાની પુરૂષ હું, આફતે આફરો, પ્રભુ ઉચારૂં.
સેંકડો.

———:o:———

આજ્ઞા

अहरहः सन्ध्यामुपासीत ॥

દરરોજ સંધ્યોપાસના કરવી જોઇએ.

न तिष्टति तु यः पूर्वां नोपास्ते यश्च पश्चिमाम् ।
स शूद्रवद्बहिष्कार्यः सर्वस्माद् द्विजकर्मणः ॥ मनुः ॥

(ઝુલણા.)

અગર સન્ધ્યા કરો, પ્રાત ને સાંયની,
ઇશતણે ધારજઇ, ધ્યાન દઇને.
નકર તે કાર્ય વિણ, આર્ય ગણવા મહી,
ના રહે યોગ્યતા, મનુ પ્રમાણે.

स्वाध्यायेन व्रतैर्होमैस्त्रैविद्येनेज्यया सुतैः ।
महायज्ञैश्च यज्ञैश्च ब्राह्मीयं क्रियते तनुः ॥ मनुः ॥

(ઝુલણા.)

સરવ વિદ્યાતણું, પઠન પાઠન અને,
વરત બ્રહ્મચર્યને, સત્ય ભણવું.
અગ્નિહોત્રાદિને, સત્યનું ગ્રહણજે,

અસત્યનો ત્યાગને, દાન વિદ્યા.
વેદમાં વરણીજે, તરણ વિદ્યા ઇશ,
જ્ઞાનને કર્મ, ઉપાસના છે.
પક્ષેષ્ટિ કર્મો કરો, સુપુત્ર ઉત્પન્ન કરો,
પંચમહાયજ્ઞને, અગ્નિષ્ટોમે.
ઉપર વરણવ કર્યા, સરવ સેવન કર્યે,
મનુ ભગવાન કહે, શરીર બ્રાહ્મી.
વેદને ઇશની, ભક્તિ આધારજે,
શરીર બ્રાહ્મણ બને, જન્મથી નહીં.

योनधीत्य द्विजो वेदमन्यत्र कुरुते श्रमम् ।
स जीवन्नेव शूद्रत्वमाशु गच्छति सान्वयः ॥ मनुः ॥

(ઝુલણા.)

વેદને જાણવા, યત્ન કરતા નથી,
અન્યત્ર શ્રમજે કરે, માનવી તે.
પુત્ર પૌત્રો શીખે, શુદ્ર શીઘ્રે બને,
જીવન જે દ્વિજતણું, સેજ ટાળી.

(અકળ ગતી).

(ગઝલ).

ગતી ઇશ્વરતણી ન્યારી, કથે શું અલ્પ મતી સારી,
અરે એ કાર્ય બહુ ભારી, જણાવા મન તણાએ છે. ટેક.
કદી હું આપથી ભાગું, ખરે હું પાયને લાગું,
પડી પાયે કૃપા માગું, જણાવા મન તણાએ છે. ગતી૦
ખરે આ મનને ખેંચું, અરે પણ એ નજીક પેખું,
ભલે ને ફેંકીને ફેંકું, તથાપિ મન તણાએ છે. ગતી૦
કદી હું કાર્ય આરંભું, કરૂં પુરૂં ભલે નરસું,
તુરત તમ અંશનું મુજને, દંડાવા મન તણાએ છે. ગતી૦
વદેજે સત્ય હમેશાં, દિસે દુઃખી જુઠા કરતાં,
પ્રભુ જુઠું ભલું છે કાં, જણાવા મન તણાએ છે. ગતી૦
દિસે કાંટા ખરે રસ્તે, નથી કંઇ અન્ય જે રાહે,
પ્રભુ શું અન્યને ચાહે, જણાવા મન તણાએ છે. ગતી૦

ओ३म्

सन्ध्या.

વિધિ.

(શ્લોક.)

શુદ્ધ એકાંત સ્થળે બેસી, શિખા બંધન પછી કરો,
સાવધાન થઈ મંત્રે, ત્રણ વાર આચમન કરો.

આચમન મંત્ર.

(પ્રભાતીઉં.)

ओ३म् शन्नो देवीरभिष्टय आपो ને,
भवन्तु पीतये, તેને છેદી.
शंयोरभिस्रवन्तु नः, દિવ્ય ગુણ યુક્તને,
સર્વ વ્યાપક પ્રભુ, દિવ્ય જળ વા.
અમની મનોવાંછિત, તૃપ્તિને અર્થ હે,
સુઃખદાતા થઇ, સુઃખ (વર્ષા) સ્નાવો.

ઈંદ્રિય સ્પર્શ મંત્ર.

(પ્રભાતીઉં.)

ओं वाक् वाक् ને, ओं प्राणः प्राणः ને,
ओं चक्षुः चक्षुः ओं, श्रोत्रं श्रोत्रम्.
ओं नाभिः અને, ओं हृदयम અને,
ओं कण्ठः અને ओं शिरः.
ओं बाहुभ्यां અને यशोबलम् ओं ને,
करतलकरपृष्ठे, ઇંદ્રિય સ્પર્શ.
મતલબ એનીકે, સર્વ અંગે રહે,
ઇશ્વર રક્ષક થઇ, ધર્મે ચલાવે.

પ્રાર્થના પુર્વક માર્જન મંત્રો.

(ત્રિભંગી)

પ્રાર્થના પુર્વક માર્જન મંત્રો, તે પછી જાણો આર્ય તુમો,
સ્વચ્છ રહો શુભ કર્મે લાગો, દુષ્કર્મોથી અંગ બચો.
ओम्भूः पुनातु शिरसि મસ્તકે, સ્થિત સહુ પ્રાણી છે પ્રરભૂ,
ओम्भुवः पुनातु नेत्रयोः નેત્રે, દુઃખવિનાશક હે પરભૂ.
ओं स्वः पुनातु कण्ठे કંઠે, સુઃખ સ્વરૂપને નીયંતા,
ओं महः पुनातु हृदये હ્રદયે, મહાન ઇશ્વર જયવંતા.

ओं जनः पुनातु नाभ्याम् નાભ્યે, જગદુત્પાદક, ઇશ હરે,
ओं तपः पुनातु पादयोः પાદે, તેજસ્વી ઇશ્વર ॐ ખરે.
ओं सत्यं पुनातु पुनः शिरसि, સરસ એક રસ, ફરિ મસ્તકે,
ओं खं ब्रह्म पुनातु सर्वत्र આકાશની માફક સર્વ સ્થળે.
સરવેથી મોટા વ્યાપક ઇશ્વર, સર્વે અંગો જ પવિત્ર કરે,

પ્રાણાયામ મંત્ર.

(ઇસતન ધનશ્રી)

ॐ ધ્યાન ધરેજી, એક ચિત થાઈ,
પ્રાણાયામ કરાઇ ને, મંત્ર જપાઇ. ટેક
તાપે તપેથી, સુવર્ણ શુદ્ધ થાઇ,
પ્રાણાયામે ઇંદ્રિય, નિર્મળ થાઇ. ॐ
પ્રાણને જોરથી, બહાર ફેંકીને,
બહાર યથાશક્તિ, રોકી દીઓજી. ॐ
બહાર નીકળવા, ચાહે ત્યારે ઇ,
મુળેંદ્રિયને, ઉપર ખેંચો. ॐ
ગભરાટ થીએ, વાયુ ફિરે ઙ્યો,
જપો **ओं भूः ओं भुवः ओं स्वः** ॐ
ओं महः ओं जनः ओं तपः જપોજી,
ओं सत्यम् પ્રાણાયામ પુરોજી. ॐ

એમ ત્રણ પ્રાણાયામ, મંત્રને સમજી,
ઇંદ્રિય દોષો દુર થાય કરોજી. ॐ

અઘમર્ષણ મંત્ર.

(દીનાનાથ દયાળ નટવર હાથમારો મૂકશોમાં)

પરમેશ્વરની સ્તૂતિ હવે, અઘમર્ષણ મંત્રો દ્વારા,
કરો તમે પાપથી બચવાનિ ઇચ્છા જો હોયેતો. ટેક.

ओ३म् ऋतंच सत्यंचाभीद्धात्तपसोऽध्यजायत ।
ततोरात्र्यजायत ततः समुद्रो अर्णवः ॥ १ ॥ પર.
समुद्रादर्णवादधिसंवत्सरो अजायत ।
अहोरात्राणि विदधद्विश्वस्य मिषतो वशी ॥ २ ॥ પર.
सूर्याचन्द्रमसौधाता यथापूर्वमकल्पयत् ।
दिवं च पृथिवींचान्तरिक्षमथो स्वः ॥ ३ ॥ પર.

જ્ઞાનમય ॐ ઇશ્વરના સામર્થ્યથી સર્વ થયું છે,
પોતે તેમાં વ્યાપક હોઇ, અંતરયામી રૂપેં જુએ. પર.
નાશ નાહી થનારી, અવ્યક્ત પ્રકૃતિ પહેલાં રેહો,
તેજ સામર્થ્યથી મહા, રાત્રી ઉતપન્ન કરી છે. પર.
જળથી ભરેલો સમુદ્ર, આકાશ ત્યાર બાદ કર્યું,
જળથી ભરેલા સમુદ્ર, બાદ સંધી કાળ કર્યો. પર.

ત્યારે સર્વ ચેતન જીવ, માત્રના અધિષ્ટાતૃએ,
દિવસને રાત્રી રચી, ખાત્રીથી આભારિ કીધા પર.
ધારણ કર્તા ઇશ્વરે જેમ, પૂર્વ કલ્પમાં રચ્યા'તા,
સૂર્ય ચંદ્રને દ્યુ પૃથિવી, અંતરિક્ષો તેમ રચ્યા. પર.
ઇશ્વિરે વેદથી લઇ, પૃથિવી સુધી આ વીશ્વ છે તે,
પોતાના નિત્ય સામર્થ્યે, પ્રકાશીત સર્વ કર્યું. પર.
પોતે તેમાં વ્યાપક રહી, અંતરયામી રૂપ થઇ,
સર્વેના પાપ પુણ્ય જોઇ, નિષ્પક્ષે ફળ આપે છે. પર.
એ પ્રમાણે ઠીક જાણી, ઇશ્વરની બીક રાખી,
સર્વે મનુષ્યોને ઉચિત, છે કે પાપો નાહિં કરે. પર.

(શ્લોક.)

ઉપર વરણુવ કર્યા મંત્રે, આચમન ફરીને કરો,
સાવધાન મનથી થઇને, ઇશ્વરનું પરિક્રમ કરો.

મનસા પરિક્રમ મંત્ર.

(ધનાશ્રી)

મનસા પરિક્રમ કાર્ય, પુજક કર મનસા પરિક્રમ કાર્ય, ટેક.
મનથી સર્વે દિશાઓમાં છે, વ્યાપક ઇશ્વર જાણ.
આપણી તે સર્વે રીતે કરે છે, રક્ષા રક્ષાવાન, પુજક.

प्राची दिगग्निरधिपतिरसितो, रक्षितादित्या इषवः
तेभ्यो नमोऽधिपतिभ्योनमो, रक्षितृभ्यो નમસ્કાર, પુજક.
नम इषुभ्यो नम एभ्यो, अस्तु નમો નમસ્કાર.
यो३ स्मान्द्वेष्टि यं वयं द्विष्मः तंवो जम्भे दध्मः॥ પુજક.
दक्षिणा दिग् इन्द्रोऽधिपतिः तिरश्चिराजीरक्षिता,
पितर इषवः પરિક્રમ કાર્યં, પૂજક કર મનસા પરિક્રમ કાર્યં તેભ્યો.
प्रतीची दिग् वरुणोऽधिपतिः पदाकुरक्षिता अन्न-
मिषवः પરિક્રમ કાર્યં, પુજક કર, મનસા પરિક્રમ કાર્યં. તેભ્યો.
उदीची दिग् सोमोऽधिपतिः स्वजोरक्षिता शनिः
इषवः પરિક્રમ કાર્યં, પુજક કર, મનસા પરિક્રમ કાર્યં. તેભ્યો.
ध्रुवा दिग् विष्णुरधिपतिः कल्माषग्रीवो रक्षिता,
वीरुध इषवः પરિક્રમઃ પુજક કર, મનસા પરિક્રમઃ તેભ્યો.
उर्ध्वा दिग् बृहस्पतिराधिपतिः चित्रोरक्षितावर्ष,
मिषवः પરિક્રમ કાર્યં પુજક કર, મનસા પરિક્રમ કાર્યં. તેભ્યો.
પુર્વ દિશામાં, પ્રકાશ સ્વરૂપ, ઇશ્વર સ્વામી સહાય,
અન્ધકારથી, રક્ષણ કરતા, સૂર્ય કિરણો બાણ થાય. પુજક.
તે સ્વામીને, નમસ્કાર હજો, રક્ષકને, નમસ્કાર,
તે બાણોને, નમસ્કાર હજો, એ સરવેને, નમસ્કાર, પુજક.
જે અમારો દ્વેષ કરે છે, જેનો અમોથી દ્વેષ થાય,
અમોથી એવા, દ્વેષ ભાવોને તેની દાઢોમાં ધરાય. પુજક.

સ્વામી રક્ષક, ઇશવર અને, સુર્યાદિથી રક્ષા થાય,
દ્વેષ ભાવોનો, નાશ સત્વર થાઓ, સર્વે અમારા મિત્ર થાય. પુજક.
દક્ષિણ દિશામાં, પરમેશ્વર્યવાન, ઇશ્વર સ્વામી સહાય,
સર્પાદિથી, રક્ષણ કરતા, ચંદ્રકિરણ બાણ થાય. તે સ્વામી.
પશ્ચિમ દિશામાં, સર્વેથી ઉત્તમ, ઇશ્વર સ્વામી સહાય,
ઝેરી જીવોથી રક્ષણ કરતા, અન્ન રૂપી બાણ થાય. તે સ્વામી.
ઉત્તર દિશામાં, શાંતસ્વરૂપ છે, ઇશ્વર સ્વામી સહાય,
અમૈથુનીથી, રક્ષણ કરતા, વીજળી બાણ રૂપ થાય. તે સ્વામી.
નિચેની દીશામાં સર્વે વ્યાપક, ઇશ્વર સ્વામી સહાય,
મળી ખ્રિવાઓથી, રક્ષણ કરતા, વનસ્પતિ બાણતુલ્ય થય. તે સ્વામી.
ઉપરની દિશામાં, સર્વેથી મોટા, ઇશ્વર સ્વામી સહાય,
શ્વેતકુષ્ટાદિથી, રક્ષણ કરતા, વરસાદ બાણ રૂપ થાય. તે સ્વામી.

ઉપસ્થાન મંત્ર.

(તુટયો મારો તંબુરાનો તાર)

મારી પાસે, પરમેશ્વરનો વાસ,
નિકટ વસુંછુરે. એવું નકી જાણવું ટેક.
અમે ઉપાસક જાણીરે, ખોટી વિદ્યા વીણ અને,
સુખ સ્વરૂપે, રહે નાથ,
ઉત્તમ દેવ દેવોમાંરે, સર્વોત્તમ જ્યોતિ છે. મારી.

ચરાચર જગતનારે, આતમા જાણિએ,
ઉચ્ચ ભાવને, હાથે કરિ બંધ.
એવી કરીએ, સ્તુતિરે, ભલા ભગવાનની. મારી.
ॐ उद्वयं तमसस्परि, स्वः पश्यन्त उत्तरम्,
देवं देवत्रा सूर्यमगन्म ज्योतिः
उत्तमम् રક્ષા કરવી રે, આપને હાથ છે. મારી.
उदुत्यं जातवेदसम्,
देवं वहन्ति केतवः
दृशे विश्वाय सूर्यम् રે, વેદોના પ્રકાશ છે. મારી.
જગતના ઉત્પાદકને, કેવી રીતે જાણીએ,
ચરાચરાત્મા ઇશ્વર કહેવાય,
જગત રચનાના નીમોરે, ભાન દે ઓમ્નું મારી.

ઉપેંદ્રવજા.

चित्रं देवानामुदगादनीकं,
चक्षुर्मित्रस्य, वरुणस्य आग्नेः
आप्राद्यावा [illegible]थिवीअन्तरि[illegible],
सूर्य्य आत्मा [illegible]गतस्त[illegible]षश्च
स्वाहा પાઠ પઢી તમો હે.

ઉપાસકો ને જે વિચિત્ર બળ છે,
અને સૂર્ય ચંદ્ર તથા અગ્નિનો,
પ્રકાશક તે પરમાતમા છે,
દ્યુલોક પૃથિવી અને અંતરિક્ષ-
તણા વળી ધારક ઇશ તે છે
ચરાચરાત્મા જડ ચેતનોનો,
તું વ્યાપક મમ હૃદયે રમે છે.

(મહીદીપની ચાલ)

तच्चक्षुर्देवहितं, पुरस्ताच्छुक्रमुच्चरत्,
पश्येम् शरदः शतं जीवेम शरदः शतम्,
श्रृणुयाम शरदः शतं, पब्रवाम शरदः शतम्,
अदीना स्याम शरदः शतं, भूयश्च शरदः शतात्.

ધ્યાન ધરો માન અહી, તે પ્રભુનું ભારી.
ઇતિ ઉપાસનાના મંત્રોથી સમીપ ધારી. ટેક.
બ્રહ્મ સર્વ દ્રષ્ટા પૂજકોનો હીત કારી,
પુર્ણ જગતનો છે સ્વામી, રચનાર જાણી. ધ્યાન.
સૃષ્ટિની પૂર્વે વિરાજે, રાજ દંડ ધારી,
એમની કૃપાથી વર્ષ, સો સુધી જીવીજી. ધ્યાન.

વાક્યો અમે સારાં વર્ષ, સો સુધી સુણીજી,
ઉપદેશ બ્રહ્મતણો વર્ષ, સો સુધી સુણાવી. ધ્યાન.
દુઃખ રહિત થૈ ને વર્ષ, સો સુધી રહીજી,
વધારે વર્ષ સોથી જીવી, સુણી રહી સુણાવી. ધ્યાન.

ગુરૂ મંત્ર.

(દેશ)

પ્રેમી પરમ બ્રહ્મનું શ્રેષ્ટ નામ ૐ કાર છે રે. ટેક.
ओरेम् भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि,
धियो योनः प्रचोदयात् એથી ભજોરે. પ્રેમી
પ્રાણ દાતા છે એ નથી છાનું, પ્રિય જેને હું પ્રાણથી માનું,
કરતા ધરતા હરતા, સૌ બ્રહ્માંડનારે. પ્રેમી.
ગ્રહણ કરવા યોગ્ય અતી છે, સચ્ચિદાનંદ સ્વરૂપ વળી છે,
નિરંજન નિરાકાર એ, નિરાધાર છે રે. પ્રેમી.
અધમોદ્ધારક પતિત પાવનાં, સુખસંચારક પુરે કામના,
દુઃખ ટાળક છે નિશ્ચે, સૌ સજ્જન તણાંરે પ્રેમી.
સત્યે ન્યાયે મનને કેળવું, ધર્મ થકી હું અર્થ મેળવું,
ઇષ્ટ ભોગોને સેવું, ધર્મને અર્થથીરે. પ્રેમી.

સર્વ દુઃખોથી તારનાર તે, મોક્ષ ખરેખર આપનાર એ,
એવા તે જે શ્રેષ્ટ તેજનું, હું ધ્યાન ધરૂં રે. પ્રેમી.
ધ્યાન ધરીને પાયે લાગું, દુરાચારથી છોડવ માગું.
સદાચારમાં પ્રેરવ બુદ્ધિ, પ્રભુ તણીરે. પ્રેમી.

સમર્પણ મંત્ર.

(ભુજંગીની ચાલ)

नमः शंभवायच, मयोभवायच.

नमः शंकरायच मयस्करायच.

नमः शिवायच, शिवतरायच.

ઇતિ સમર્પણમંત્રથી, સર્વ અર્પો,
નમો સુખ રૂપે. નમો સુખ દાતા,
નમો શુભ કર્તે, નમો ધર્મ દાતા.
નમો શુભ રૂપે, નમો મોક્ષદાતા,
સ્વીકારો નમસ્કાર, નમસ્કાર નમઃ હો।

(દેશ.)

ઇશ્વર, કૃપા થકી ઉત્તમ, કરિયે કર્મ, આપ અર્પણ હજોરે. ટેક.
સતવૃત્તે ન્યાયે હું આચરૂં, ધર્મ થકી હું અર્થને ચરૂં,
ઇષ્ટ ભોગોને ચરું, ધર્મને અર્થથીરે. ઇશ્વર.

સર્વ દુઃખોથી તારનાર તે, મોક્ષ ખરે છે આપનાર એ,
એ ધર્મ અર્થને કામ મોક્ષ, અપાવજોરે. ઇશ્વર.
સફળતામાં **શાંન્તિ** સાધું **શાંન્તિ** ને વળી **શાંન્તિ** વાધું,
એ આધિ વ્યાધિ ઉપાધિ, પરભુ ટાળજોરે. ઇશ્વર.

॥ ओं शान्तिः शान्तिः शान्तिः ॥



Printed by R. H. Patel, at Krishna P Press, Anantwadi Bombay